॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૯, માર્ચ–૨૦૨૪, રૂા. ૫.૦૦/–








**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ – સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈના ૨૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દિનાંક ૫ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.**





મુંબઈ, ગોરાઈ–સત્સંગ ભવન મુંબઈ, ગાંમદેવી–સત્સંગ ભવન મુંબઈ, થાણા–સત્સંગ ભવન

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ - સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈના ૨૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દિનાંક ૫ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.**

















॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૧ માર્ચ-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

વ્યસન એટલે આદત, ટેવ. ટેવ સારી હોય તો એ સુટેવ કહેવાય અને તે કલ્યાણને માર્ગે દોરી જઇ વ્યક્તિનું જીવન સફળ અને સાર્થક બનાવે છે. પરંતુ સામાન્ય રીતે વ્યસન એટલે આપણે કુટેવ જ સમજીએ છીએ, જે વ્યક્તિ માટે વિનાશકારી અને પતનને માર્ગે દોરી જનાર છે.

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વ્યસન અંગે જણાવેલ છે કે, **द्युतादि व्यसनं त्याज्यं नाद्यं भंगादि मादकम् ।** જુગાર, ભાંગ, ગાંજો આદિ કેફ કરનાર વસ્તુ ખાવી કે પીવી નીં. વ્યસનથી ગુલામ બનેલ વ્યક્તિ ક્યારે પણ સંયમી અને સાત્ત્વિક બની શકતી નથી. કારણ કે તેની વિચારધારા વ્યસને ક્ષીણ કરી નાખેલ હોય છે. તે સાર-અસાર વિશે વિચારી શકતો નથી, તેથી વ્યસનના દુર્ગુણો વિશે પણ વિચારી શકતો નથી. વ્યસનો વ્યક્તિને વિનાશની ગર્તામાં ગરક કરી દે છે. તેથી તેવી વ્યક્તિ ઘર, કુટુંબ, પરિવાર, સમાજ અને મિત્રવર્તુળમાં આદર-સન્માન ગુમાવી બેસે છે. લોકો આવા માણસો સાથે સંબંધ પણ રાખવા માંગતા હોતા નથી અને તે સર્વત્ર તિરસ્કૃત અને બહિસ્કૃત હોય છે.

વ્યસન જુગારનું હોય, કેફી પીણાનું હોય કે માદક દ્રવ્યના સેવનનું હોય તેના વિના વ્યસની વ્યક્તિને ચાલતું નથી. આવી બાબતો જો તેને એક દિવસ પણ ન મળે તો તેઓ બેબાકળા બની જાય છે અને તે મેળવવા માટે ક્યારેક તેઓ અપરાધનો માર્ગ પણ અપનાવી લેતા હોય છે. વ્યસનો શારીરિક સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે એટલું જ નહિ 'માનસિક વિકૃતિઓનો ભોગ બનાવી દે છે.' પરિણામે તેનું આચરણ કેવું છે તેનું પણ તેને ભાન રહેતું નથી. પરિણામે અનેક દુર્ગુણો તેનામાં પ્રવેશે છે અને તેના જીવનનું પતન થાય છે.

આપણા શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા વ્યસનમુક્તિ અભિયાનોનું આયોજન કરીને આપણા બ્રહ્મનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ સંતોએ કચ્છ તેમજ વિદેશના દૂર દૂરના અને ખૂણે ખૂણાના ગામોની પ્રત્યક્ષ મુલાકાત લઈને વ્યસનોના પરિણામોની જીવનપર કેટલી ખરાબ અસર થતી હોય છે તેનો બોધ આપીને તેમજ સત્સંગ દ્વારા સાચા સત્સંગીઓની સમજ આપીને સેંકડો વ્યસનીઓને વ્યસનમુક્ત કરાવેલ છે. આવા પતનના માર્ગે દોરવાયેલા વ્યસનીઓને સુખી, શાંત અને ખુશહાલ વ્યસનમુક્ત જીવન જીવવા તરફ વાળેલ છે. અને તેઓના કુટુંબના જીવનનો સંતાપ દૂર કરેલ છે.

ભગવાને આપણને મોંઘેરો મનુષ્ય અવતાર આપેલ છે. તો તેને નિર્વ્યસની, પવિત્ર અને પરોપકારી બનાવવા માટે શિક્ષાપત્રીના આદેશોને અનુસરીને અને વચનામૃતની વાણીને આત્મસાત કરી આપણે આપણા જીવનમાં સત્સંગ, સત્શાસ્ત્રો, સાચા સંતોનો સંસર્ગ રાખીએ જેથી વ્યસન આપણી નજીક પણ ન આવે અને આપણો મોક્ષ માર્ગ સરળ બને.

આપણા ઈષ્ટદેવ શ્રીસહજાનંદ સ્વામીએ ''શિક્ષાપત્રી''ની અનમોલ ભેટ આપીને મનુષ્યમાત્ર ઉપર આશીર્વાદસહ ઉપકાર કરેલ છે. વસંતપંચમી (શિક્ષાપત્રી જયંતી) જેમ પ્રકૃતિને નયનરમ્ય અને સુંદર બનાવી દે છે. તેવી જ રીતે શિક્ષાપત્રી સત્સંગીના જીવનને સુંદર અને ગુણસંપન્ન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

## ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૯૮ મી શિક્ષાપત્રી જયંતીની ઉજવણી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રીનો



ખૂબ જ મોટો મહિમા છે. શિક્ષાપત્રીને અનુસરનાર મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિ નિશ્ચિતપણે પામે છે. આ શિક્ષાપત્રીનું લેખન સ્વયં શ્રીસહજાનંદ સ્વામીએ (સ્વામિનારાયણ ભગવાને) વડતાલ મધ્યે સંવત્ ૧૮૮૨ મહાસુદ-૫ (વસંત પંચમી) ના શુભ દિવસે આજથી ૧૯૮ વર્ષ પૂર્વે કર્યું હતું. ત્યારે શ્રીસહજાનંદ સ્વામીએ કહ્યું કે આ શિક્ષાપત્રી એ મારું જ સ્વરૂપ છે. આ દિવસ શિક્ષાપત્રી જયંતી તરીકે સંપ્રદાયમાં ઉજવાય છે.

આ શિક્ષાપત્રી દુનિયાની લગભગ ૪૦ થી



વધારે ભાષામાં અનુવાદ થયેલ છે. કરોડોની સંખ્યામાં પાઠ થયેલ છે. અને લાખોની સંખ્યામાં પારાયણો પણ થઈ છે.

તા.૧૪-૨-૨૦૨૪ બુધવારે વહેલી સવારે ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે મા સરસ્વતીના પૂજન સાથે કળશ કુંભ ઠાકોરજીના સાંનિધ્યમાં અર્પણ કરી સભામંડપમાં શિક્ષાપત્રીનું પૂજન મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સદ્ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં બહોળી સંખ્યામાં ૨૦૦થી વધુ સંખ્યામાં સંતો-ભક્તોએ શિક્ષાપત્રી પૂજનમાં ભાગ લીધો હતો.

અહેવાલ શા.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## નવાપરા-રાપર(વાગડ) શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

તા.૧૪-૨-૨૦૨૪ ના શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો. સવારે પોથીયાત્રાનો મંગલ પ્રારંભ વાજતે ગાજતે ગામવાસીઓનો ઉત્સાહ અને ભાવના સાથે





મુખ્ય બજારમાંથી મોટી સંખ્યામાં સંતો અને માથા ઉપર સાફા બાંધી યજમાનો ભક્તો ભાઈઓ-બહેનો સાથે લેડીસ બેન્ડ સહ યાત્રા સભામંડપમાં વિરામ લીધા બાદ દીપ પ્રાગટ્ય કરી કથાનો મંગલ પ્રારંભ સંગીતના સથવારે કરવામાં આવ્યો હતો. કથા



અંતર્ગત બપોરપછી શ્રીનરનારાયણદેવ પૂજન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

તા.૧૫ ના ભગવાન શ્રીઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ યજમાનોના વરદ્હસ્તે ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રાત્રે રાપર-નવાપર તથા





રાપર ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા.૧૬ ના કથા પ્રસંગ અંતર્ગત શાકોત્સવ રાખવામાં આવ્યો હતો. તેમજ મધ્યાન્હ સમયે સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શન હેઠળ મહિલામંચનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભગવાન શ્રીહરિ રાપર આગમન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને રાત્રે સભામંડપમાં સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા.૧૭ ના પ.પુ.આચાર્ય શ્રીકૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો તેમજ મુખ્ય યજમાનશ્રીઓ તથા ભૂદેવોના મુખે વેદોક્ત મંત્રોચ્ચાર સાથે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. ત્યારબાદ સભામંડપમાં પધારી આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના મુખે આશીર્વચનો સાંભળવા મળ્યા, પહેરામણીઓ થઈ અને રાત્રે મહા





રાસોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા.૧૮ ના દરેક દાનવીર દાતાશ્રીઓની પહેરામણી કરવામાં આવી હતી. વડીલ સંતોના આશીર્વાદ મળ્યા હતા અને કાર્યકર્તા સંતોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

મંદિર બાંધકામકર્તા પુરાણી સ્વામી નીલકંઠચરણદાસજી તથા શા.સ્વામી સુખનંદન દાસજીએ ખંતપૂર્વક ચીવટભરી નજરથી ભવ્ય આલીશાન મંદિરનું નિર્માણ કરી આપ્યું હતું. વક્તાપદે સ્વામી નારાયણપ્રિયદાસજી, શા.સ્વામી સુખનંદનદાસજી, શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ સુંદર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

સભાસંચાલકપદે શા.સ્વામી અક્ષરપ્રકાશ દાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ શોભાવ્યું હતું. સંગીતજ્ઞ સંતો સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી હરિજીવન દાસજીએ સંગીતના સૂરો રેલાવી વક્તાશ્રીઓને સાથ આપ્યો હતો.

મંડળના અધ્યક્ષ સંતો સ્વામી દેવકૃષ્ણ દાસજી તથા શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ અખંડ હાજરી આપી હતી.

નવાપરાના મુખ્ય દાતાશ્રીઓ ભાસડીયા, મુંજાત, બાંભણીયા, રાવરીયા અને મારાજ પરિવારે ખૂબ સેવા કરી છે. મંદિર નિર્માણના મુખ્ય યજમાન સુખપરના મેપાણી કાન્તીભાઈ મુરજી પરિવાર રહ્યા હતા. ઉત્સવ દરમિયાન પાંચેય દિવસ રાપર નવાપરાના ભક્તો ધુઆબંધ ભોજન પ્રસાદ લીધો હતો. માંડવી નાંગલપરના ભક્તોએ રસોડા વિભાગની સેવા સંભાળી હતી. ઉત્સવ નિર્વિઘ્નપણે ઉજવાયો, જયજયકાર થયો હતો.

અહેવાલ - શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી-ભુજ

## ૧૯૮ મી શિક્ષાપત્રી જયંતીની માંડવી મંદિરમાં ભવ્ય ઊજવણી

માંડવી મંદિરમાં ૧૯૮ મી શિક્ષાપત્રી જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તા.૧૪-૨-૨૪ બુધવાર વસંત પંચમીના પવિત્ર દિવસે સવારે ૬-૦૦ વાગ્યે મંદિરના સભામંડપમાં મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અદ્‌ભુતચરણ દાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી તથા પુ.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં શિક્ષાપત્રીનું સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું. શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શિક્ષાપત્રીનો એક એક શ્લોક બોલીને પૂજન કરાવ્યું હતું. માંડવી વાડી વિસ્તારમાંથી મોટી સંખ્યામાં પધારેલ હરિભક્તોએ પૂજનનો લાભ લીધો હતો. પૂજનને અંતે સ્વામિનારાયણ ભગવાનનું વાંગ્મય સ્વરૂપ એવી શિક્ષાપત્રીને થાળ જમાડીને સમૂહ આરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત સંતો-હરિભક્તોએ શિક્ષાપત્રી ઉપર પુષ્પાભિષેક કર્યો





હતો. આ પ્રસંગે મહંત સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. શણગાર આરતી કરીને વસંતના વધામણાંના પ્રતિક સ્વરૂપે આંબાને બહેનોએ પોતાના મસ્તક ઉપર ધારણ કરીને પ્રતિવર્ષની જેમ આઝાદ ચોકમાંથી મંડળીવાળા હરિભક્તોની સાથે કીર્તન-ધૂન કરતા, નાચતા-ગાતા મંદિરમાં લઇ આવીને નિજ મંદિરમાં ઠાકોરજી આગળ પધરાવવામાં આવ્યો હતો. અંતમાં સ્વામી વિશ્વવલ્લભદાસજીએ જીવનમાં શિક્ષાપત્રીની મહત્તા શું છે ? એની વાત કરીને શિક્ષાપત્રીનો મહિમા કીધો હતો. અને પધારેલા તમામ ભક્તોને ધાણી-ટોપરું તથા પતાસાનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

અહેવાલ - શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી-માંડવીજ

## દયાપર શ્રીસ્વામિનારાયણ મંદિરે શિક્ષાપત્રી પૂજન

દયાપર શ્રીસ્વામિનારાયણ મંદિર ભાઈઓ અને બહેનોના મંદિરમાં વસંત પંચમીના શ્રીજીમહારાજનું વાંગ્મય સ્વરૂપ શિક્ષાપત્રીનું પૂજન ભુજથી પધારેલ સદ્ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી મુરલીમનોહરદાસજી દ્વારા શિક્ષાપત્રી સંસ્કૃત શ્લોક પઠન કરી પૂજન કરાવેલ હતું. ગામના નાના મોટા દરેક ભક્તો ઉત્સાહભેર પૂજન કરી સંતોએ શિક્ષાપત્રીની આરતી ઉતારી સૌને આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ - પૂજારી રમેશભાઇ

## વિશ્રાંતિ ભુવનનો રજત જયંતી મહોત્સવ - વિલેપાર્લા મુંબઇ



ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લામાં બિરાજતા શ્રીઠાકોરજીને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન યોજાઈ ગયું.

તા.૫ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ ૭ દિવસ દરમિયાન શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલું હતું. સાથે શ્રીશિવ-પાર્વતિ, શ્રીસૂર્યનારાયણ, શ્રીગણેશજી અને શ્રીહનુમાનજીની પધરામણી કરવામાં આવી. ૫ દિવસ શ્રીહરિકવચ યાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૫ ના રોજ બપોર પછી ૪ વાગ્યે વિશ્રાંતિ ભુવનથી પોથીયાત્રા સાથે શોભાયાત્રા વાજતે ગાજતે S.N.D.T. મહિલા યુનિવર્સીટી ગ્રાઉન્ડમાં પહોંચી હતી. જ્યાં સંતો તથા મુખ્ય યજમાનો, સાંખ્યયોગી બહેનો, યજમાન પરિવારના





બહેનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કથાના ૩ વક્તાઓએ શ્રીમદ્ભાગવતની ભવ્ય ભાગીરથી વહેવડાવી હતી. સ્વામી અક્ષરમુનિ દાસજી, સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી રાઘવમુનિદાસજી આ ત્રણે વક્તાઓ સમયે સમયે વ્યાસાસને બિરાજ્યા હતા.

સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોની ઉપસ્થિતિ સાથે ભુજથી પધારેલ પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ઉપમહંત સ્વામી, પૂજ્ય જાદવજી ભગત, સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્ગુરુ સ્વામી માધવપ્રસાદ દાસજી, સદ્ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી આદિ ૧૨૫ થી વધુ સંતો ભુજ-અંજાર-માંડવી-પ્રસાદી મંદિર-શૈક્ષણિક સંસ્થાના સંચાલક સંતો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી અને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે તા.૬ ના રોજ શ્રીવલ્લભાચાર્યની પરંપરાના લાલજી મહારાજ શ્રીઅનુગ્રહજી મહારાજ પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. તા.૭ ના રોજ શ્રીવિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના વિદ્વાન શ્રીશિલનિધિ સ્વામી પધાર્યા હતા. આ પ્રસંગે સ્વયંસેવી સંસ્થાઓને ૭ દિવસ મહાપ્રસાદ અપાયો હતો. એ માટે ચેક અપાયા હતા. તા.૧૦ ના રોજ અમદાવાદ શ્રીનરનારાયણદેવ પિઠાધિપતિ શ્રી૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. અને દર્શન આશીર્વાદ સાથે મુખ્ય યજમાનોને પહેરામણી અર્પણ કરી હતી.

દરરોજ બીજા સત્રમાં દૈનિક ઉત્સવોના આયોજનો કરાયાં હતાં. જેમાં શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, શ્રીરૂકમિણી વિવાહ, ગોવર્ધન ઉત્સવ, શ્રીનરનારાયણદેવ પૂજન, શ્રીમદ્ભાગવત શાસ્ત્ર પૂજન વિગેરે ઉત્સવો ઉજવાયા હતા.

દરરોજ ભુજ મંદિર દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિની દ્વિપક્ષીય અભિનય દ્વારા માહિતી આપવામાં આવી હતી. જેમાં વિશ્રાંતિ ભુવન, બાલ-બાલિકા, યુવક-યુવતી મંડળ, શૈક્ષણિક, રાહત સેવા, આરોગ્ય સેવા, એક પરિવાર આદર્શ પરિવાર અને ગાય આધારિત ખેતી અભિયાન તેવા વિષયો ઉપર માહિતી અપાઇ હતી. અને વિદ્વાન સંતોએ વિશેષ માહિતી આપી ભુજની સેવાને બિરદાવી હતી. એક પરિવાર આદર્શ પરિવાર ઉપર ડો. અમીત ત્રિવેદીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

૭ દિવસ આવનાર કથાભિલાષી શ્રોતાઓને ૭ દિવસ મહાપ્રસાદ અપાયો હતો. ૫ દિવસ દરરોજ યજમાનોએ શ્રીહરિકવચ યાગનો લાભ લીધો હતો. તા.૮ ના રોજ ગોરાઇ વિસ્તારમાં નવા શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તા.૧૦ ના સવારે પૂજ્ય સંતો શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગામદેવીના રજત વાર્ષિક પાટોત્સવમાં પધાર્યા હતા. શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક અને અન્નકૂટ ધરી આરતી કરવામાં આવી હતી. તા.૧૧ ના રોજ રૂકમિણી વિવાહનું ભવ્ય આયોજન કરાયું હતું. તા.૧૧ ના સવારે પૂ.આચાર્ય મહારાજશ્રી ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા પધારી આરતી-આશીર્વાદ આપી ગોરાઇ



શ્રીઠાકોરજીની આરતી તથા તે વિસ્તારના ભક્તનો આશીર્વાદ પાઠવી વિલેપાર્લા વિશ્રાંતિ ભુવનમાં બિરાજતા શ્રીઠાકોરજીની તથા પંચદેવની આરતી તથા શ્રીહરિકવચ યાગની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી ગામદેવી વિશ્રાંતિ ભુવનમાં શ્રીઠાકોરજીની આરતી કરી ભક્તોને આશીર્વાદ પાઠવી ભક્તોને કૃતાર્થ કર્યા હતા.

૭ દિવસ ચાલેલા યાગમાં વડતાલ તથા કચ્છના પવિત્ર ભૂદેવો યજમાનો સાથે આહુતિઓ આપી હતી. અને પોતાના પરિવારના અક્ષરનિવાસી આત્માઓની સ્મૃતિમાં બેસાડેલ ભાગવત પોથીનું દશમ-પંચમ સ્કંધનું વાંચન કરેલું હતું. નાની-મોટી સેવાઓને પહોંચી વળવા સોંપાયેલ અલગ અલગ સમિતિઓના ભક્તો પાણી, રસોડો, સફાઈ, સ્ટેજ, પહેરામણી, ફુલહાર વિગેરે સેવા ભક્તોએ ઉત્સાહથી સહભાગી થયા હતા. નાની મોટી સેવા કરનાર દરેકને સંતોના વરદ્હસ્તે આશીર્વાદ સાથે પહેરામણી કરવામાં આવી હતી. પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતોની ઈચ્છા હતી કે શ્રીઠાકોરજીને સુવર્ણ આભૂષણ, સોના-ચાંદીની ફ્રેમ તેમજ સોના-ચાંદીનું પારણિયું તૈયાર થાય તો સારું એ માટે હરિભક્તોને પ્રેરણા કરી અને હરિભક્તોએ પોતાની યથાશક્તિ સુવર્ણ-રજતનું દાન આપી મહારાજ અને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

ઉત્સવ પૂર્વે શ્રીહરિકવચ પુરુશ્ચરણ કરવામા સંકલ્પને સાંખ્યયોગી બહેનોએ ૧૦ હજાર પાઠ કરી મુંબઈના ભક્તોના સુખાકારી માટે અર્પણ કરાયાં હતા. શ્રીહરિકવચ યંત્ર દરેક યજમાનોને અર્પણ કરાયું હતું. અને દરરોજ ૧ પાઠ કરવા ભલામણ કરી હતી. જેથી આપને આપના પરિવારને શરીરે, ઘરમાં, ઘર બહાર, રાત્રે, દિવસે જયાં પણ છે ત્યાં શ્રીહરિ રક્ષા કરશે. આવો પ્રતાપ આ સ્તોત્રનો છે. એવા ભાવ સાથે પાઠ કરવા સંતોએ ભલામણ કરી હતી.

વાગડ, અબડાસા, ભુજ ચોવિસીના દરેક ગામોમાંથી ૧૨૫ થી વધુ સાંખ્યયોગી બહેનો મહોત્સવમાં સહભાગી થઈ, બહેનો ભક્તોને સત્સંગનું બળ આપ્યું હતું. શનિવારે ખાસ બહેનો માટે મહિલામંચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાર્લા વિસ્તારના બહેનો-બાલિકાઓ નૃત્ય, રાસ, રૂપક વિગેરે રજૂ કરી બહેનો ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. અનેકવિધ આયોજનો સાથે આ મહોત્સવ દરેકને માટે યાદગાર બની ગયો હતો. આ મહોત્સવ ૨૫ વર્ષ પહેલા ભૂમિદાન તથા અન્ય ખર્ચની સેવા કરેલ એ દરેકને યાદ કર્યા હતા અને જેઓએ પોતાનું યોગદાન અધરવાઈઝર તરીકે આપેલ એવા ભક્તો તેમજ જેમના અથાગ પ્રયત્નોથી આ વિશ્રાંતિ ભુવન તૈયાર થયું એવા અ.નિ. સ.ગુ.સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીને યાદ કરાયા હતા.

પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મુંબઈમાં વસતા ૨ લાખ જેટલા કચ્છ વાગડના ભાવિકો માટે ભુજ મંદિર અત્યાર સુધીમાં ૯ જગ્યાઓ લીધી છે. અને ૪ કાર્યરત છે અને પાંચનું કામ આગળના ભવિષ્યમાં થનાર છે. એમનો ઉપયોગ કરવા અને પરિવારને બચાવવા પાર્લા મંદિર તરફથી ચાલતી બાલ-યુવા, યુવતી,વડીલો વિગેરે માટે થતી પ્રવૃત્તિઓમાં સામેલ થવા ભલામણ કરી હતી. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ ભચાઉ-નવાગામના ઓશવાળ ખુથિયા અને નિસર પરિવાર

મહારાજના સમયથી સત્સંગમાં છે અને વધુ સત્સંગના રંગે રંગાય એવી ભલામણ કરી હતી. પૂજ્ય જાદવજી ભગતે જમીનની શોધની સાથે અત્યારસુધી જે જે કાર્યો જેવી જેવી પરિસ્થિતિમાં થયાં એમની યાદ આપી હતી. પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય મહંત સ્વામી, મુખ્ય યજમાન પ.ભ. નારાણભાઈ વેલજી ભુડિયાના ૬૦ માં જન્મદિવસ નિમિત્તે આ મહોત્સવનું યજમાનપદ સ્વીકારી સહયોગી થયેલ એ બદલ અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. પ.ભ. ઘનશ્યામભાઈ પૂંજા નિસર, પ.ભ.શાંતિભાઈ નોંધા ખુથિયા તથા રમેશભાઈ હંસરાજ ખુથિયા આ ચાર પરિવારના ભક્તો મુખ્ય અને સહયજમાન થઈ મોટી સેવા કરેલ હતી. અને અન્ય પણ દેશ-વિદેશના નાના મોટા હરિભક્તોએ પોતાની યથાશક્તિ સેવા કરી રાજીપો મેળવ્યો હતો.

આ પ્રસંગે સામાજિક, રાજકીય વ્યક્તિ વિશેનો આમદાર માનનીય પરાગ અડવાણી (પાર્લા વિસ્તાર)ના વિધાયક પણ પધારી ધન્ય થયા હતા. અન્ય સમાજ શ્રેષ્ઠીઓ, આર.એસ.એસ. કાર્યકરો પણ પધારેલ એમને આવકારવામાં આવ્યા હતા. એક વરસ માટે વિશ્રાંતિ ભુવનની સેવામાં જોડાયેલા ૪ સંતો શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી-સંચાલક, સ્વામી રામપ્રિયદાસજી-કોઠારી, સ્વામી રામાનુજદાસજી-ભંડારી અને સ્વામી તીર્થમુનિદાસજી-પૂજારી આ ચારેય સંતોને પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ઉપમહંત સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી આદિ સંતોએ પુષ્પમાળા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના નાના-મોટા સંતો આ ઉત્સવમાં અગાઉથી પધારી અલગ અલગ સેવામાં જોડાઈ મહોત્સવની શોભા વધારી હતી. સંગીતકાર સંતો સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી જનમંગલદાસજી રહ્યા હતા. વિશ્રાંતિ ભુવન સંચાલક મંડળ હરિભક્તોને પૂજ્ય સંતોએ અંતરથી આશીર્વાદ પાઠવ્યા હતા. જેથી આવતા ભક્તોને ઉતારાની વ્યવસ્થા સાથે સત્સંગનું બળ મળે.

સમગ્ર મહોત્સવનું સંચાલન પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શા.સ્વામી અક્ષરપ્રિય દાસજીએ સંભાળ્યું હતું. અને છેલ્લે સ્વામી રામપ્રિયદાસજીએ ઉત્સવની સેવા કરનાર દરેકને યાદ કરી આભાર માન્યો હતો. અને આ ઉત્સવ માણી દેશ-વિદેશથી પધારેલ ભક્તો ખૂબ રાજી થયા હતા. અને દેશ-વિદેશમાં ભુજ મંદિર તેમજ માતૃછાયા કેબલમાં લાઈવ નિહાળતા ભક્તો પણ રાજી થયા હતા.

ભુજ મહિલા બહેનોના મંદિરના મહંત સાંખ્યયોગી સામબાઈફઈની આજ્ઞાથી સેલારી, આધોઈ તથા દુધઈના સાંખ્યયોગી બહેનો ત્રણ ત્રણ મહિના સુધી મુંબઈમાં રહી બહેનોને સત્સંગનો લાભ આપે છે. તો એમને પણ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આજના સમયમાં બહેનો-દીકરીઓને સત્સંગના સંસ્કારો મળે એવા પ્રયત્નો કરવા બળ આપ્યું હતું.

## શ્રીજનમંગલ યાગ એવં સમૂહ શ્રીમદ્‌ભાગવત નવાહ્ન પારાયણ - આયરોલી નવી મુંબઇ

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, મંડળધારી ઉપમહંત સદ્‌ગુરુ





સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની આજ્ઞાથી થાણા-મુંબઈમાં રહીને સત્સંગ કરાવતા થાણા સત્સંગ ભવનના મહંત પુરાણી સ્વામી પરમહંસદાસજી, કોઠારી સ્વામી નિર્ભયચરણદાસજી અને સ્વામી



વેદાંતસ્વરૂપદાસજી દ્વારા મુમુક્ષુઓ સત્સંગમાં વિશેષ જોડાય, સર્વ જીવનું હિત થાય તેવા શુભ હેતુથી આયરોલી-નવી મુંબઈ મધ્યે સુનિલ ચૌગુલે ગ્રાઉન્ડ ઉપર તા.૮-૧-૨૪ થી તા.૧૪-૧.૨૪ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે આયરોલી સમાજવાડીમાંથી સાંજે છ વાગ્યે વાજતે ગાજતે પોથીયાત્રા સભામંડપમાં આવ્યા બાદ દીપ પ્રાગટ્ય કરી મહોત્સવની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

બીજા દિવસે આયરોલી સ્થિત વિબગ્યોર સ્કૂલથી શ્રીઠાકોરજીની શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. શોભાયાત્રામાં શ્રીઠાકોરજી, સંતો, યજમાનો માટે વાહનો શણગારેલ તથા બાળકો ભારતીય



વેશભૂષામાં સજ્જ થઈ નૃત્ય દ્વારા ઠાકોરજીનો રાજીપો મેળવવા અને બીજા દરેક ભક્તો ભારતીય સંસ્કૃતિનો વારસો સાફા, શ્રીરામ નામાકિંત ટોપી અને ખભે પટકો પહેરી કીર્તનો ગાતા મંડળી સાથે સભામંડપમાં પધાર્યા હતા. અને અયોધ્યામાં ભગવાન શ્રીરામ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉપલક્ષ્ય અને કથા અંતર્ગત શ્રીરામ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

ત્રીજા દિવસે મહંત સ્વામી આદિ વડીલ સંતોનું આગમન અને કથા અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવની મહંત સ્વામીના હસ્તે પુષ્પવૃષ્ટિ કરી ઉજવણી કરવામાં આવી. જેમાં નાના બાળકો ગોપવેશ ધારણ કરીને મટકીફોડનો ઉત્સવ ઉજવ્યો હતો.

ચોથા દિવસે ખાંધાકોલોનીના યુવાનો દ્વારા લોકોમાં જાગૃતિ, પરિવારમાં એકતા વધે અને પરિવાર સુખેથી રહી શકે તેવા હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.







પાંચમા દિવસે મુંબઈના અલગ અલગ વિસ્તારમાં રહેતા ભક્તો પોતાના ઘરેથી વિવિધ પ્રકારના ફળો લાવી ઠાકોરજી પાસે ફળકૂટનો ઉત્સવ કર્યો હતો.

છઠ્ઠા દિવસે ગોવર્ધન મહોત્સવ ઉજવાયો હતો જેમાં મુંબઈ વિસ્તારના બહેનો ભક્તોએ પોતાના ઘરેથી ૧૦૮ પ્રકારના વિવિધ વ્યંજનો બનાવી લાવી ભગવાનને અન્નકૂટ ધર્યો હતો.

સાતમા દિવસે કથા અંતર્ગત રૂક્ષ્મિણી વિવાહ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં યજમાનશ્રીના ઘરેથી વાજતે ગાજતે ઢોલ નગારા મંડળી સહિત શ્રીઠાકોરજીનો વરઘોડો નીકળીને સભામંડપમાં લાલજી મહારાજની જાન આવી હતી. અને બંને પક્ષના યજમાન પરિવારે ભગવાનના વિવાહ ખૂબ ધામધૂમથી ઉજવ્યા હતા.

કથાના આઠમા દિવસે મહિલા મંચ એવં રાસોત્સવનું આયોજન થયું હતું. જેમાં સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શન હેઠળ ભારતીય સતી સન્નારીઓના જીવનમાંથી પ્રેરણા મળે એવા સરસ નાટક, નૃત્ય, એકપાત્રીય અભિનય દ્વારા મુંબઈની દીકરીઓએ સુંદર આયોજન દ્વારા સહુને રાજી કર્યા હતા. ત્યારબાદ સૌ ભક્તજનો ભગવાનની સ્મૃતિ સહિત ભાઈઓ અને બહેનોનો અલગ અલગ વિભાગમાં દિવ્ય રાસોત્સવની ઉજવણી કરી ભગવાનને રાજી કર્યા હતા.

કથાના અંતિમ દિવસે નારાયણ યજ્ઞનું આયોજન થયું હતું. જેમાં પોથીના તમામ યજમાનોએ યજ્ઞમાં બેસી ધન્યતા અનુભવી હતી. તે જ દિવસે રાત્રે કથામાં શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં બાજરાના રોટલા અને વૈતાંકનું શાક બનાવી ભગવાનને ભોગ ધરવી સૌ ભક્તજનોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.

આ ઉત્સવ અંતર્ગત તા.૧૦-૧-૨૪ ના રોજ થાણા સત્સંગ ભવનમાં શ્રીઘનશ્યામ મહારાજનું રાજોપચાર વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. ભગવાનના પૂજન બાદ શ્રીઠાકોરજીની પાલખી સહિત શોભાયાત્રા નીકળી હતી અને ઠાકોરજીને પુષ્પે વધાવ્યા હતા.

આ ઉત્સવમાં ૫૫ પોથીઓ હતી. અને ૨૦ થી વધારે ભૂદેવોએ શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રનું વાંચન કર્યું હતું. આ ઉત્સવ અંતર્ગત જનમંગલ યાગનું આયોજન થયું હતું. જેમાં દરરોજ ૩૦ દંપતીઓ યજ્ઞનારાયણને જનમંગલ નામાવલિના માધ્યમથી આહુત્તિઓ આપી ધન્યતા અનુભવી હતી. અંતિમ દિવસે તમામ યજમાનોએ સંતો સહિત યજ્ઞમાં શ્રીફળ હોમી અવભૃથ સ્નાન કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી.

આ મહોત્સવના મુખ્ય યજમાન તરીકે ખુથિયા પરિવાર અને સહયજમાન તરીકે હિરાણી તેમજ ખેતાણી પરિવાર રહ્યા હતા. આ ઉપરાંત આફ્રિકા, યુ.કે., ઓસ્ટ્રેલિયા તેમજ મુંબઈના દરેક વિસ્તારના ભક્તોએ તન-મન-ધનથી સેવા કરી



ઉત્સવને સફળ બનાવ્યો હતો.

આ ઉત્સવમાં પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ઉપમહંત સ્વામી, પૂજ્ય જાદવજી ભગત આદિ ૮૦ થી વધારે સંતો અને ૭૦ થી વધારે સાંખ્યયોગી બહેનો પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો.

અહેવાલ - સ્વામી વેદાંતસ્વરૂપદાજી

## નખત્રાણા મધ્યે શ્રીમદ્ભાગવત કથા એવમ્ શાકોત્સવ

પરમ કૃપાળુ શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપા અને ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્. સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિક વડીલ સંતોના આશીર્વાદથી અને નખત્રાણા સત્સંગને કાયમ સંભાળતા શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી તથા પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી આદિક સંતો તેમજ અબડાસા પ્રાંતમાં સત્સંગ વિચરણ કરતાં મંડળના મહંત સદ્.





સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ વડીલ સદ્. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદિ સંતોના માર્ગદર્શનથી શ્રીસ્વામિનારાયણ મંદિર નખત્રાણાને પાંચ વર્ષ પૂર્ણ થતાં ત્રી રાત્રિય ભાગવત કથા એવમ્ શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ્રથમ દિવસે તા.૨૬/૧/૨૪, શુક્રવારના રોજ નવાવાસ શ્રીલક્ષ્મીનારાયણ મંદિરેથી વાજતે ગાજતે કથા સ્થળ પશ્ચિમ વિભાગ પાટીદાર સમાજવાડી સભામંડપમાં વ્યાસપીઠ પર પધરાવવામાં આવી. ત્યારબાદ ભાગવત શાસ્ત્ર તેમજ વકતા શા. સ્વામી આનંદવલ્લભદાસજીનું પૂજન અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને કથાના મુખ્ય યજમાન પ.ભ. વસંતભાઈ મનોહરભાઈ વાઘાણી, દિલિપભાઈ અમૃતભાઈ વાઘાણી (અંગિયા) તથા સહ યજમાન પ.ભ. નિતીનભાઈ ઠક્કર (નખત્રાણા), બકુલભાઈ ઠક્કર (કોટડા), બાબુભાઈ તેમજ મગનભાઈ ભગત (ઘાટકોપર), બાબુભાઈ ધનાણી (નખત્રાણા) દ્વારા કરી કથાનો આરંભ કરવામાં આવ્યો ને કથાના અંતમાં લીલા પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ, મટકીફોડ કરી ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જેમાં સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિય દાસજીએ કીર્તનો ગાઈ ભક્તોને રાસે રમાડ્યા હતા. અંતમાં સ્વામી સંતજીવનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

દ્વિતીય દિવસે તા.૨૭/૧/૨૪, શનિવારના



સાંજે ૪:૩૦ થી ૭ વાગ્યા સુધી અબડાસા પ્રાંત, ભુજ તેમજ સુખપરથી પધારેલા સાંખ્યયોગી બહેનોના અધ્યક્ષસ્થાને મહિલા મંચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દીપ પ્રાગટ્ય કરી બાલિકા મંડળની બાલીકા દ્વારા પ્રાર્થના કરી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની યુવતીઓ દ્વારા વંદુ દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે વંદુ સહજાનંદ રસરૂપ પદનું સંગીત સાથે ગાન કરી બાદ સુંદર કીર્તન નૃત્ય કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ દ્વારા માનબાઈનો પ્રેમનો રોટલો એ રૂપક કરવામાં આવ્યું હતું અંતે પધારેલા તમામ સત્સંગી બહેનોને સાંખ્યયોગી બહેનો રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ રાતે ૭:૩૦ વાગ્યે વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથાનો આરંભ કરી કથા અંતર્ગત સુખિયા માલણ પાસેથી ફળ લઈને અનાજના દાણા આપીને રત્નોથી ટોપલો છલકાવી સુખી કરી એ પ્રસંગે ભગવાનની આગળ ફળકૂટોત્સવ ઉજવવામાં આવ્યો. જેના યજમાન પદે પ.ભ. દિનેશભાઈ કાન્તીભાઈ જોષી (નખત્રાણા) પરિવારે લાભ લીધો હતો. અંતે મથલ ગુરૂકુલના સંચાલક પુ.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તૃતીય દિવસે તા. ૨૮/૧/૨૪, રવિવારે સાંજે ૪:૩૦ થી ૬:૩૦ વાગ્યા સુધી સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સભાના માધ્યમથી નખત્રાણા ગામના તથા આસપાસના ગામથી આવેલા બહેનોને સત્સંગ સાથે સંસ્કારનું પોષણ થાય એવી ઉપદેશાત્મક વાતો કરવામાં આવી બાદ રાસ રમાડી આનંદિત કર્યા હતાં. ત્યાર બાદ રાતે ૭ વાગ્યે સ્વામી ભક્તવત્સલદાસજીએ વ્યાસાસને આરૂઢ થઈને ભગવાન શ્રીકૃષ્ણના દિવ્યો ચરિત્રોમાં રાસપંચાધ્યાયની કથાનું શ્રવણ કરાવ્યું. બાદમાં સ્વામિનારાયણ ભગવાને લોયામાં સુરાખાચરના દરબારમાં ૨૦૩ વર્ષ પૂર્વે કરેલો શાકોત્સવની કથા સાથે ઉજવણી કરી જેમાં શાકોત્સવનો વઘાર પૂજ્ય સંતો અને ગામ રાપરના અ.નિ. જયાબેન બાબુલાલ દાવડા પ.ભ. વિનોદભાઈ દાવડાના યજમાનપદે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોડાય ગુરૂકુળના સંચાલક શા. સ્વામી કૃષ્ણજીવનદાસજીએ નખત્રાણા ગામના ભક્તોનો ઉત્સાહ ને સત્સંગ પ્રત્યેની લાગણી જોઈને આંહી મોટું મંદિર થાય ને વધુને વધુ ભક્તો સત્સંગનું સુખ મેળવે એવી ભગવાનની પ્રાર્થના સહ આશીંવાદ આપ્યા હતા. ત્યારબાદ સદ્. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીના વરદહસ્તે સહુ યજમાનોને સન્માન કરવામાં આવ્યું ને અંતે સ્થાનિક સત્સંગ માટે મહેનત કરનાર પુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ ગામમાં સત્સંગની શરૂઆતથી લઈને પાંચ વર્ષમાં સત્સંગમાં થયેલા કાર્યો ને ભક્તોની સેવા ને બિરદાવીને વધુમાં વધુમાં સત્સંગનો વિકાસનો ઉત્સાહ પ્રેર્યો હતો.

આ ઉત્સવમાં પધારેલા સંતો પુ. સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, સ્વામી હરિસેવકદાસજી, સ્વામી



હરિનંદનદાસજી, શા. સ્વામી જગતવિહારીદાસજી, સ્વામી શ્રીજીપ્રિયદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી મુરલીમનોહરદાસજી, સ્વામી કપિલજીવનદાસજી આદી સંતો પધારી ભક્તોને દર્શનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે પ્રસાદ બનાવાની સેવા સુખપર(રોહા) ગામના ભક્તોએ કરી હતી. ગામના ભક્તોએ તન-મન-ધનથી સેવા કરી ઉત્સવને ભવ્ય બનાવ્યો હતો.

આ સમગ્ર ઉત્સવમાં સભા સંચાલન સ્વામી કપિલમુનિદાસજીએ કર્યુ હતું.

અહેવાલ- સ્વામી શ્યામકૃષ્ણદાસજી

## ગઢપુર મંદિરમાં ઉજવાયો ગાજપરીયા પરિવાર દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન મહોત્સવ

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી આદિ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી તા.૧-૨-૨૪ થી તા.૫-૨-૨૪ સુધી ગઢપુર દાદાખાચરના દરબારગઢમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના યજમાનપદે માવિત્ર અ.નિ.મનજીભાઈ લધા ગાજપરીયા, ધ.પ.અ.નિ.સામબાઈની પુણ્ય સ્મૃતિમાં હસ્તે સુપુત્ર લાલજીભાઈ મનજી ગાજપરીયા-પિયાવા સપરિવાર રહ્યો હતો.

તા.૧-૨-૨૪ ગુરુવારના પવિત્ર દિવસે સવારે ૮-૦૦ વાગ્યે લક્ષ્મીવાડીએ શાસ્ત્રસ્વરૂપ એવા સત્સંગિજીવન ગ્રંથરાજનું સંતો તથા યજમાન પરિવાર દ્વારા પૂજન કરીને મહિલા બેન્ડપાર્ટીના સૂરો દ્વારા લક્ષ્મીવાડીથી દરબારગઢ સુધી ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળીવાળા હરિભક્તોએ કીર્તનોની સાથે જાંજ-પખાજ વગાડીને ગઢપુરની ગલી-ગલીને ભક્તિમય બનાવી હતી. ૯-૩૦ વાગ્યે સંતો-યજમાન પરિવાર દ્વારા કથાનું દીપ પ્રાગટ્ય કરીને કથાનો પ્રારંભ થયો હતો. કથાના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભ દાસજી તથા શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ ઉગમણા બહારના ઓરડાની ઓસરીએ વ્યાસાસને ઉપર બિરાજમાન થઈને સંગીતની સૂરાવલી સાથે અદ્‌ભુત સત્સંગિજીવન કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના દ્વિતીય દિવસે દરબારગઢમાં શ્રીઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી નિર્ભયચરણદાસજીએ પ્રાગટ્ય મહોત્સવના કીર્તનો ગાઈને તમામ હરિભક્તોને રાસમાં ભક્તિરસથી રસતરબોળ કર્યા હતા.

યજમાન લાલજીભાઈ મનજી ગાજપરીયા પરિવારના આમંત્રણને માન આપી ભુજ, માંડવી, અંજાર તથા પ્રસાદી મંદિરથી સંતો પધાર્યા હતા. સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભ દાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષ દાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, પુ.સ્વામી શ્રીપ્રકાશ દાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ.સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પુ.સ્વામી પરમહંસ દાસજી તથા ગઢપુર મંદિરના નાના મોટા કુલ્લ મળીને ૮૦ સંતો ઉત્સવમાં પધારીને યજમાન પરિવારને તથા યજમાન પરિવારના આમંત્રણથી માંડવી ચારે કાધામાંથી પધારેલ ૩૦૦ જેટલા હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

યજમાન પરિવારની વિશુદ્ધ ભાવનાને પૂરી કરવા માટે મંદિરના પટાંગણમાં બેન્ડપાર્ટીના સૂરાવલી સાથે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથો સાથ દરરોજ કથા વિરામ બાદ દાદાના દરબારગઢમાં ગૃહસ્થ બહેનોને સત્સંગનો લાભ મળે આવા હેતુથી માંડવી તથા કચ્છ ચોવિસીમાંથી પધારેલ ૭૦ જેટલાં સાંખ્યયોગી બહેનો દ્વારા મહિલા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવતું હતું. દરરોજ મંડળીવાળા હરિભક્તો દરબારગઢમાં તથા શ્રીગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં બેસીને ઓચ્છવ કરીને શ્રીઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો.

કથાનાં અંતિમ દિવસે યજમાન પરિવાર દ્વારા વક્તા શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા.સ્વામી વેદાતંસ્વરૂપદાસજીનું શાલ ઓઢાડીને પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ ભુજ, અંજાર, માંડવી, ભુજ પ્રસાદી મંદિરથી પધારેલ સંતો તથા ગઢપુર મંદિરના સંતોએ કથાના યજમાન પરિવારના સભ્યોનું પ્રસાદીની શાલ ઓઢાડી શ્રીનરનારાયણદેવ તથા શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિ અર્પણ કરીને બહુમાન કર્યું હતું. તેવીજ રીતે યજમાન પ.ભ. લાલજીભાઈ મનજી ગાજપરીયા દ્વારા પધારેલ મંડળીવાળા હરિભક્તોનું કથા કુટુંબી ભાઈઓનું કચ્છી પાઘ પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કથાના સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે તપોધનધામના સંચાલક શા.સ્વામી દેવચરણ દાસજી, માંડવી મંદિરના કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી તેમજ યજમાન પરિવાના યુવક-યુવતીઓએ જહેમત ઉઠાવી હતી. કથાનું સંપૂર્ણ સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા.સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ - શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરમાં ૭૫ મા ગણતંત્ર દિવસની ઉજવણી

તા.૨૬-૧-૨૦૨૪ના રોજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડેમી અને શ્રીસહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટટ્યુટના પ્રાંગણમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવેલી હતી.

સવારે ૮-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને કરાઈ હતી. શાળાની દીકરીઓ દ્વારા શાળાના ટ્રસ્ટીશ્રીઓનું પરેડ દ્વારા સ્વાગત કરાઈ ધ્વજ વંદન તેમજ રાષ્ટ્રગાન કરાયું, ત્યારબાદ સમૂહ પ્રાર્થનાનું ગાન કરાયું હતું. પધારેલ મહેમાનોનું પ્રાથમિક શાળાનાં આચાર્યાશ્રી ખુશ્બુબેન ચાવડા દ્વારા શાબ્દિક સ્વાગત કરાયું હતું.

સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરાયું હતું. સંસ્થાની પ્રાથમિક શાળાની દીકરીઓએ દેશભક્તિ ગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વાતાવરણ દેશભક્તિમય બનાવ્યું હતું. ગણતંત્ર દિવસનું મહત્ત્વ, બંધારણ અંગે સંસ્થાનાં પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયાએ વક્તવ્ય આપ્યું હતું. રાષ્ટ્રીય સ્તર પર બેન્ડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીનીઓએ સુંદર પ્રસ્તુતિ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શિક્ષિકાશ્રી દિવ્યાબેન ચીખલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગને સફળ બનાવવા આચાર્યાશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળા રાષ્ટ્રીય સ્તર પાઇપ બેન્ડમાં દ્વિતીય - ગુજરાત માટે ગૌરવ ક્ષણ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વીદ્યાર્થીનીઓ ગુજરાત રાજ્ય લેવલની બેન્ડ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થઇ કચ્છનું ગૌરવ વધારી ગુજરાતનું પ્રતિનિધિત્ત્વ કરી મહારાષ્ટ્ર મધ્યે પશ્ચિમ ઝોનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધારી રાષ્ટ્રીય લેવલ પર પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્ત્વ કરીને દીલ્હી મધ્યે નેશનલ કોમ્પીટેશનમાં સમગ્ર દેશમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય ફલક પર ગુજરાત, કચ્છ અને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

આમ રાષ્ટ્રીય લેવલે ગુજરાતનું નામ રોશન કરનાર સંસ્થા અને દીકરીઓને સમગ્ર ગુજરાત, દેશ અને વિદેશમાંથી અભિનંદન મળી રહ્યા છે.

માર્ગદર્શક શિક્ષિકા પૂજાબેન ગોર અને દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈફઈ સહ સમસ્ત સાંખ્યયોગી બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે.

ભુજ મત વિસ્તારના ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલ, ભુજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી વિનોદભાઈ વરસાણી સહિત અનેક મહાનુભાવોએ રાષ્ટ્રીય લેવલે કચ્છ, ગુજરાતને ગૌરવ અપવવા બદલ આભાર સહ અભિનંદન પાઠવ્યા હતા. તથા આ કૃતિનું કચ્છ જિલ્લા કક્ષાએ રાપર ખાતે ગણતંત્ર દિનની ઉજવણીમાં સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે અતિ ઉત્સાહભેર લાગણીની અનુભૂતિ સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાનું સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ વિદેશના હરિભક્તો દ્વારા ઘણા ઘણા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ ગુજરાતની વોલીબોલ ટીમમાં સ્થાન પામી રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી રજત ચંદ્રક એનાયત

એસ.જી.એફ.આઇ.૬૭ નેશનલ ગેમ્સ ૨૦૨૪ માં ગુજરાત રાજ્યની વોલીબોલ અન્ડર-૧૯ મહિલા ટીમ તા.૨૯-૧-૨૦૨૪ થી તા.૨-૨-૨૦૨૪ દરમિયાન કર્ણાટક મુકામે રમવા ગયેલ હતી. જેમાં ગુજરાતની ટીમમાં કચ્છ જિલ્લામાંથી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરી જોધાણી મમતા ભીમજીભાઇ પણ ગુજરાતની ટીમમાં સામેલ હતી ત્યારે નેશનલ લેવલે ગુજરાત રાજ્યની ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. જે ગુજરાત રાજ્ય માટે, કચ્છ જિલ્લા માટે અને આપણી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર માટે ખૂબજ ગૌરવની વાત છે.

વ્યાયામ શિક્ષિકા રશ્મિતાબેન તથા વિજેતા દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઈફઈ તથા સાંખ્યયોગી બહેનો, સંસ્થાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ સ્ટાફ પરિવારે બિરદાવી હતી.

## જિલ્લા કક્ષા કલા મહાકુંભ-૨૦૨૩/૨૪ માં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર અને શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમીની દીકરીઓએ વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ આવી શાળાને ગૌરવ અપાવ્યું.

રમત-ગમત કમિશનરશ્રી યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર આયોજિત કલા મહાકુભ-૨૦૨૩/૨૪,

તા.૧૭/૨/૨૦૨૪ શનિવારના રોજ ગાંધીધામ મધ્યે યોજાઇ ગયો.

જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર તથા શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી નીચે મુજબ સિદ્ધિઓ મેળવેલ છે.

સ્કૂલ બેન્ડમાં ૬થી૧૪ વર્ષ અને ૧૫થી ૨૦ વર્ષ, પ્રથમ, પૂજાબેન ગોર

લોક નૃત્ય : બ વિભાગ, પ્રથમ, નેહલબેન ગોર

લગ્ન ગીત : અ વિભાગ, પ્રથમ, દેવૃત્તિબેન ગઢવી

લગ્ન ગીત : બ વિભાગ, પ્રથમ, દેવૃત્તિબેન ગઢવી

સમૂહ ગીત : બ વિભાગ, પ્રથમ, દેવૃત્તિબેન ગઢવી

રાસ : બ વિભાગ, દ્વિતીય, ક્રિષ્નાબેન ભુવા, પૂજાબેન ગોર

વિજેતા દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઈફઈ તથા સાંખ્યયોગી બહેનો, સંસ્થાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ સ્ટાફ પરિવારે બિરદાવી હતી.

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલયમાં પ્રજાસત્તાકદિનની ઉજવણી

૨૬મી જાન્યુઆરી-૨૦૨૪ના રોજ શ્રી સ્વામિનારાય વિદ્યાલય મુકામે ૭૫ મો પ્રજાસત્તાકદિન ઉજવાયો જેમાં અધ્યક્ષસ્થાને શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય-સમગ્ર શાળા સંકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સહ સંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળ-ભુજના પ્રમુખશ્રી ડૉ.લક્ષ્મણભાઇ હિરાણી, ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ શીયાણી, મંત્રીશ્રી જગદીશભાઇ વાઘાણી, પૂર્વ આચાર્યશ્રી જનકભાઇ ભટ્ટ, શ્રીસ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખશ્રી ખીમજીભાઇ, મંત્રીશ્રી દેવશીભાઇ હિરાણી, પ્રેમજીભાઇ ગોંડરીયા, કાનજીભાઇ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીસ્વામિનારાયણ વિદ્યા સંકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સંબોધિત કરતા તેમણે જાન્યુઆરી માસને પવિત્ર ગણાવ્યો હતો. આ માસમાં આપણું ગણતંત્ર અમલમાં આવ્યું તેમજ આ માસમાં જ સ્વામી વિવેકાનંદ તેમજ સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી આવે છે. દરેક નાગરિક દેશદાઝ કેળવે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઇ વાઘાણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, બંધારણમાં ઉલ્લેખિત નાગરિક ફરજો, હક્કો અને કર્તવ્યો વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉતારી રાષ્ટ્રને સમર્પિત થાય અને મુલ્યનિષ્ઠ બને તેમજ રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપીએ તો ગણતંત્રદિનની ઉજવણી સફળ થઇ ગણાય એવું જણાવ્યું હતું.

પૂર્વ આચાર્ય અને ટ્રસ્ટીશ્રી જનકભાઇ ભટ્ટે જણાવ્યું હતું કે, બંધારણ એ સામુહિક ચેતનાનું પ્રતિક છે અને નાગરિકોમાં કર્તવ્ય પાલન ભાવના જાગે તેનો અરીસો છે.

આચાર્યશ્રી સુરેશભાઇ પટેલે મહેમાનોનું શાબ્દિક આવકાર આપી પ્રાસંગિક પ્રવચન કરતા દેશભક્તિના રંગે રંગાઇને દેશ માટે સમર્પિત થવા વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થી રાજગોર ધ્યાનમ્ મનીષભાઇ દ્વારા પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ વિજ્ઞાનપ્રવાહના આચાર્યશ્રી કલ્પેશભાઇ પટેલે તેમજ સંચાલન શિક્ષકશ્રી હરેશનાથ નાથબાવાએ કર્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક વિભાગના આચાર્યા ઐશ્વર્યાબેન મેપાર તથા તમામ સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓએ વાતવારણને દેશભક્તિમય બનાવ્યું હતું.

## સત્સંગ સમાચાર - વિદેશ

# શ્રીસ્વામિનારાયણ મંદિર ઝાંઝીબાર-ટાન્ઝાનિયા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

કોરોનાનો કપરો કાળ આખા વિશ્વમાં હાહાકાર પરંતુ ટાન્ઝાનિયા-ઝાંઝીબાર દેશ પર ઈશ્વર કૃપા વરસી અને કોરોનાની અસર ઓછી રહી. આવા સમયે ટાન્ઝાનિયા અને ઝાંઝીબારના હરિભક્તોને ભુજ મંદિરના વડીલ સંતોનો ખૂબ સમાગમ મળેલો. તે સમયે ઝાંઝીબારના પરમ ભક્ત અ.નિ. અરવિંદભાઈ વેકરીયાએ પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાને ઝીલીને વડીલ સંતો સમક્ષ પોતાનો સંકલ્પ જણાવ્યો કે, ''જો ઝાંઝીબારમાં એક મંદિરનું નિર્માણ થાય તો ત્યાં વસતા ભાવિક ભક્તોને દેવદર્શન અને સંત સમાગમનો લાભ મળે.'' તેમના સંકલ્પને વડીલ સંતોના આશીર્વાદની મહોર લાગે તે પહેલા જ અરવિંદભાઈ ભગવાનના ધામમાં પધાર્યા. પરંતુ ધરમપુરના કુશળકુંવરબા સમાન તેમના ધર્મપત્ની રતનબેન વેકરીયા પોતાના બંને પુત્રોની સાથે મળી પતિના સંકલ્પને પૂરો કરવાનું બીડું ઝડપ્યું. આ વેકરીયા પરિવાર ઝાંઝીબારમાં મંદિર બનાવવા માટે જમીન કૃષ્ણાર્પણ કરી અને પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીએ બંને ભાઈ વિજયભાઈ વેકરીયા અને હિતેશભાઈ વેકરીયાને મંદિર બાંધકામ માટે પ્રેરણા કરી તેમજ ભૂમિપૂજનથી કરીને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સુધી દેશ-વિદેશના હરિભક્તોને પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણ દાસજીએ ફંડ/ફાળા માટે પ્રેરણા કરી અને સર્વે નાના-મોટા હરિભક્તો મંદિર નિર્માણની સેવાનો લાભ લીધો. વડીલ સંતો પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિ દાસજી, પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીના વરદ્‌હસ્તે તા.૧૭/૨/૨૦૨૨ના રોજ ભૂમિપૂજન કરી મંદિર નિર્માણનું મંગલકાર્ય શરૂ કરવામાં આવ્યું. જોતજોતામાં મંદિર નિર્માણનું કાર્ય પૂરું થયું.

આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલાં સંતોના આશીર્વાદ લઈ વડીલ હરિભક્તો જે ધરતી પર પ્રથમ પગ મૂકી આફ્રિકા દેશમાં ધનોપાર્જન માટે આવ્યા અને સુખ, સમૃદ્ધિ તેમજ સંપત્તિની હેલી વરસી તે ધરતી એટલે જંગબાર (ઝાંઝીબાર). આ ઝાંઝીબારની ધરતી પર શ્રીનરનારાયણદેવ ભુજ તાબાના પ્રથમ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો અનેરો ઉત્સવ આવી પહોંચ્યો.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ અને મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદન દાસજીની આજ્ઞા અને આશીર્વાદથી તીર્થધામ ભુજ મંદિરથી પધારેલ ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, પ.પૂ.સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણ દાસજી, સ્વામી સરયુદાસજી, સ્વામી નારાયણમુનિ દાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, સ્વામી અક્ષરમુનિદાસજી, સ્વામી વ્યાસમુનિદાસજી, સ્વામી વિવેકસાગર દાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી વિગેરે સંતો પધારી મહોત્સવના ઉત્સવમાં અભિવૃદ્ધિ કરેલ.

તા.૧૨/૧/૨૦૨૪ થી તા.૧૪/૧/૨૦૨૪ સુધી ચાલેલા આ મહોત્સવમાં ભુજ મંદિરથી પ.પૂ.મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોની આજ્ઞાથી પ.પૂ. સ્વામી નૌતમમુનિ દાસજી તેમજ પ.પૂ.સ્વામી મુકુંદમુનિ દાસજી ઉત્સવની પૂર્વ તૈયારી માટે પધારી ભક્તોમાં ઉત્સાહ જગાવ્યો હતો અને ૧૨ સંતો મહોત્સવ દરમિયાન પધારેલ. આમ ૧૪ સંતો આ મહોત્સવમાં ઉપસ્થિત

રહી ભક્તજનોને આશીર્વાદ આપેલા.

ઝાંઝીબારમાં નૂતન મંદિર માટે ભૂમિદાન કરેલ પ.ભ.અ.નિ.અરવિંદભાઈ વેકરીયા (માધાપર), ગં.સ્વ.રતનબેન વેકરીયા, સુપુત્રો વિજય વેકરીયા તથા હિતેશ વેકરીયા. મહોત્સવના મુખ્ય યજમાનપદે રહી ભગવાન અને સંતોનો રાજીપો પ્રાપ્ત કરેલ. મહોત્સવ નિમિત્તે ભુજ મંદિરથી પધારેલ સંત મંડળના સંતો ત્રિ-દિવસીય કથા પારાયણમાં શ્રીનિષ્કુળાનંદ સ્વામી રચિત ''પુરુષોત્તમ પ્રકાશ'' ગ્રંથની કથાનું રસપાન કરાવેલ.

કથા પારાયણ દરમિયાન ત્રણે દિવસ વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવેલ. તા.તા.૧૧/૧/૨૦૨૪ ગુરુવારના વિષ્ણુયાગ હવન તેમજ પોથીયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

તા.૧૨/૧/૨૦૨૪ શુક્રવારના સવારના સ્થાપન-પૂજન કથા પ્રારંભ અને સાંજે કથા તેમજ શ્રીઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી થતાં ઝાંઝીબારના રહેવાસી પણ ઉત્સવનો આનંદ નિહાળવા ઉમટ્યા હતા. રાત્રીના ઝાંઝીબાર તેમજ દારેસલામના બાલ-બાલિકા મંડળના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

તા.૧૩/૧/૨૦૨૪ શનિવારના રોજ સવાર-સાંજ કથામૃતનું રસપાન કર્યા બાદ રાત્રે સ્વામી ભજનપ્રકાશદાસજીના કંઠે ગવાયેલ ભજન-કીર્તનો સાથે રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ. સ્વામિનારાયણ કીર્તનોના તાલે ફક્ત હિન્દુસ્તાની ભક્તો જ નહીં પરંતુ ઝાંઝીબારના હબસી લોકો પણ પોતાનો રાસ બનાવી રાસોત્સવનો અલગ જ આનંદ લઈ મોક્ષમાર્ગના પ્રથમ પગથિયે પગ મૂક્યો હતો.

તા.૧૪/૧/૨૦૨૪ રવિવારના વહેલી સવારે સાત વાગ્યે શ્રીઠાકોરજીની દિવ્ય અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. ''વંદે ભારત એક્સપ્રેસ'' પર સૌમ્યમૂર્તિ શ્રીજીમહારાજ, સંતો-ભક્તો સાથે બિરાજી સમગ્ર નગરજનોને દર્શન સુખ આપતા, વાજતે ગાજતે નૂતન મંદિરે પધારેલ. હરિભક્તો ભાઈઓ-બહેનોનો ઉત્સાહ શોભાયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરેલ. બેન્ડ-વાજા, લેઝીમ, ડાન્સ, મંડળી, સામૈયા અને દાંડિયાના રણકાર સાથે આફ્રિકન લોકોનો અંગ કૌશલ દર્શાવતો ડાન્સ સર્વેનું ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બનેલ. શોભાયાત્રા બાદ નૂતન મંદિરમાં અલૌકિક મૂર્તિ સ્વરૂપ શ્રીઠાકોરજીના અભિષેક, ધ્વજ પૂજન અને કથા બાદ અન્નકૂટ ઉત્સવ અને મહાઆરતી કરી બપોરે ૧૨ વાગ્યે મહોત્સવની પૂર્ણાહુતિ થયેલ. ચારે ચાર દિવસના ઉત્સવમાં ત્રણેય ટાઈમ ભોજન પ્રસાદ તો ખરો જ

ભુજ મંદિરથી પધારેલ વડીલ સંતોના શુભહસ્તે સમગ્ર મહોત્સવમાં અલગ અલગ સેવાના યજમાન બનેલ ભક્તોનું વિશેષ સન્માન કરવામાં આવેલ.

દારેસલામ, મોશી, અરુસા, નૈરોબી, મોમ્બાસા, યુગાન્ડા, ભારત વિગેરે દેશોથી પધારેલ હરિભક્તો સૌ સાથેમળી ભોજન વ્યવસ્થાનું બીડું ઉપાડી સમગ્ર મહોત્સવને માનવમનના સ્મૃતિપટ પર કાયમને માટે અંકિત કરી દીધો.

ધરમપુરના કુશળકુંવરબાની યાદ અપાવતા ગં.સ્વ.રતનબાઈ વેકરીયા અને તેમના બંને સુપુત્રો ભાવવિભોર હૃદયે મહોત્સવમાં પધારેલ સંતોનો આભાર માની વિદાય આપી.

સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી નૂતન મંદિર નિર્માણની સંપૂર્ણ જવાબદારી સ્વામી નૌતમમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજીએ સંભાળી હતી. આ બંને સંતો રાજસ્થાનથી નયનરમ્ય મૂર્તિઓ પસંદ કરવાથી માંડી મૂર્તિ પ્રતિષ્ઠા થયા બાદ પણ એક અઠવાડિયું રોકાઈ હરિભક્તોને મંદિર અને દેવોના પૂજન-અર્ચન સંબંધી સંપૂર્ણ માર્ગદર્શન આપેલ. સભા સંચાલન સ્વામી નારાયણમુનિદાસજી સંભાળેલ.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજી ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ.(અમેરિકા)
૨૦૧- ગોર અવની રમણિકભાઈ બી.એ. માં રાજ્યપાલશ્રીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવ્યો તે નિમિત્તે - ભુજ
૨૦૦- ખીમજી માવજી માંડાણી નવી ગાડી લીધી તે નિમિત્તે - બળદિયા
૨૦૧- કોમલબેન, નીલમબેન વેદાંત શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર-જુનાવાસ
૨૦૦- ગોવિંદ કરસન વરસાણી તથા ધ.પ.સવિતાબેન દક્ષિણ ભારતની યાત્રા સુખપૂર્વક પૂર્ણ કરી તે નિમિત્તે - માધાપર નવોવાસ
૨૦૦- રિદ્ધિ વિનોદ નારદાણીના જન્મ દિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવને ભેટ - કેરા
૨૫૧- ભાણબાઈ રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- ધ્રુવ કાન્તીભાઈ હિરાણી શ્રીનરનારાયણદેવની ધજા ચડાવી તે નિમિત્તે - ભક્તિનગર
૨૫૧- ઉર્વશી કાન્તીભાઈ હિરાણી શ્રીનરનારાયણદેવની ધજા ચડાવી તે નિમિત્તે - ભક્તિનગર
૨૫૧- પ્રિતમ દર્શન કેરાઈ નામકરણ નિમિત્તે - ભક્તિનગર

---

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫
''શ્રીસ્વામિનારીયણ ધર્મસંદેશ'' માસિક અંગેની માહિતી
ફોર્મ નં.-૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| પ્રકાશનનું સ્થળ | શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય, ભુજ |
| પ્રકાશનની સામયિકતા | માસિક |
| મુદ્રકનું નામ | મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રિયતા | ભારતીય |
| સરનામું | શ્રીસ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન-૩૭૦૦૦૧ |
| તંત્રીનું નામ | શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |

જે વ્યક્તિઓ અખબારના માલિક હોય શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની માલિકી.

જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય તેમના નામ-સરનામા.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુબજ સાચી છે.

તા.૧-૩-૨૦૨૪ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (તંત્રી)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું

આયોજન





પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે

કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪

કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે

નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

:: મુખ્ય યજમાનશ્રી ::

અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી મુકુંદપ્રસાદદાસજીની પુણ્ય સ્મૃતિમાં

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020

## ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર



**મહોત્સવ પ્રારંભ : તા. ૯-૪-૨૦૨૪, મંગળવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠા : તા. ૧૪-૪-૨૦૨૪, રવિવાર**

**મહોત્સવ સમાપન : તા. ૧૫-૪-૨૦૨૪, સોમવાર**